ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

ક્રમાંક: પરિક્ષા/૪-અ/૮૫૧૧-૨/૨૦૨૧ તા. ૧૨/૦૧/૨૦૨૨

Revised પરિપત્ર

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિનયન, વાણીજ્ય, વિજ્ઞાન, કાયદાશાસ્ત્ર અને શિક્ષણશાસ્ત્ર કોલેજના આચાર્યશ્રીને જણાવવાનું કે આ યુનિવર્સિટીના ઓર્ડી.૬૯ ની જોગવાઈ મુજબ પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ તા. ૧૬-૧૨-૨૦૨૧ પછી તા.૨૮-૧૨-૨૦૨૧ પછી તા. ૩૦-૧૨-૨૦૨૧ અને ત્યારબાદ તા. ૧૦-૦૧-૨૦૨૧ સુધીમાં કરવાનું રાખેલ, જે હવે તા.૧૭-૦૧-૨૦૨૨ (સાંજે ૫) સુધી ઓનલાઈન ભરીને લોક કરવા આથી જણાવવામાં આવે છે. આપની કોલેજ / સંસ્થામાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટની પ્રિન્ટ કરેલ ઓનલાઈન યાદી તા.૧૮મી જાન્યુઆરી ૨૦૨૨ (સાંજે ૫) સુધીમાં કાર્યાલય પર ફીની રસીદ સાથે જમા કરાવવાનું જણાવવામાં આવે છે. (કોલેજ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મની નકલો કોલેજ કાર્યાલય પર રાખી શકે છે) ત્યારબાદ માન. કુલપતિ શ્રીના આદેશ સિવાય કોઈ જ એનરોલમેન્ટ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ, જેની ખાસ નોંધ લેશો.

**એનરોલમેન્ટ યાદી યુનિવર્સિટી કાર્યાલય પર જમા કરાવવા માટે નીચેની સૂચનાઓનું ચુસ્ત રીતે પાલન કરવા વિનંતી છે.**

1. GUAC દ્વારા ફાળવાયેલ પ્રવેશની યાદી કોલેજના એડમીશન મોડ્યુલમાં જોવા મળશે, યાદીમાં વિદ્યાર્થીઓના નામ (ગુજરાત બોર્ડના ૨૦૨૧ પ્રથમ પ્રયત્ને પાસ થયેલ સિવાયના) ધોરણ ૧૨ની માર્કશીટ પ્રમાણે ન હોય તો તા. ૧૪-૧૨-૨૦૨૧ (સાંજે ૫ કલાક સુધીમાં) એડિટ કરી શકાશે. ત્યારબાદ કોઈપણ સંજોગોમાં નામ સુધારણા થઇ શકશે નહિ.
2. ગુજરાત યુનિવર્સિટીની ઉપરોક્ત દર્શાવેલ તમામ વિદ્યાશાખાની કોલેજો માટે એનરોલમેન્ટ ફોર્મની કિંમત રૂપિયા ૨૫/- અને એનરોલમેન્ટ ફી રૂપિયા ૧૦૦/- રાખવામાં આવેલ છે.
3. વિદ્યાર્થીના એનરોલમેન્ટની યાદી જમા કરાવવા અગાઉ પ્રવેશ યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપના લેવલે કરવા વિનંતી. તેમાં કોઈ ક્ષતિ જણાય તો તેની સ્પષ્ટતા પ્રવેશ સમિતિ પાસે મેળવી લેવાની રહેશે.
4. **પ્રવેશ સમિતિ દ્વારા એન્ડોર્સ થયેલ વિદ્યાર્થીઓના જ એનરોલમેન્ટ કરી શકાશે.** કોઈપણ વિદ્યાર્થીનું નામ એનરોલ્મેન્ટ ફોર્મ ભરતી વખતે ઉમેરી/સુધારી શકાશે નહિ.
5. જે કોલેજો એનરોલમેન્ટ ફોર્મની ઓનલાઈન પ્રિન્ટ મેળવેલ છે તેમની કુલ ચુકવણી માંથી વિદ્યાર્થીદીઠ રૂપિયા ૧.૫૦ (એક રૂપિયો ને પચાસ પૈસા) લેખે પ્રિન્ટીંગ ખર્ચ બાદ કરીને બાકીની રકમ ભરવાની રહેશે.
6. આ કાર્યાલયના તા. ૦૯-૧૨-૨૦૧૬ના પત્રાંક એકે/૩૫૫૯૫/૨૦૧૬ ના સંદર્ભમાં જનાવાવનું કે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોએ ડેવેલોપમેન્ટ ફી અને એનરોલમેન્ટ ફી સાથે જ જમા કરવવાની થાય છે.

પરિક્ષા નિયામક

પ્રતિ,

1. ગુજ. યુનિ. સંલગ્ન આર્ટ્સ/કોમર્સ/સાયન્સ/લો/એજ્યુકેશન વિદ્યાશાખાના આચાર્યશ્રી/વડાશ્રીઓ તથા માન્ય અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓ તરફ.
2. માનનીય કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી તેમજ માન કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી તરફ.
3. ડાયરેક્ટશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર તરફ.
4. પરિક્ષા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તરફ.
5. ઈન્ફોર્મેશન સેન્ટર તરફ.